ગાંધીનગર સમાચાર

તા. ૧૫-૧૨-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### બંગાળની વાઘણને પાંજરે પૂરવાની કવાયત

સી.બી.આઇ. હરહંમેશ કેન્દ્ર સરકારની આંગળીના જ ઇશારે ચાલતી હોવાના આક્ષેપો અત્યાર સુધી મુલાયમસિંહ, માયાવતી અને ભાજપના અગ્રણી નેતાઓ કરતા હતા. હવે એ જ સીબીઆઇ. સામે કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ અને યુપીયએના જૂના ઘટકો આક્ષેપો કરી રહ્યાં છે. મમતા બેનરજી વિશે જન સાધારણ ખૂબ ઊંચો અભિપ્રાય ધરાવતાં રહ્યાં છે. એમની સાદાઇ, સ્પષ્ટ વક્તાપણું, દ્દઢ સંકલ્પશક્તિ અને ઇમાનદારી સામે બીજા નેતાઓ વામણા જ લાગે. એ બધા ગુણોથી પ્રભાવિત થઇને પશ્ચિમ બંગની પ્રજાએ યાવચ્ચંદ્ર દિવાકરૌ જેવી મજબૂત પકડ ધરાવતાં સામ્યવાદી શાસનને ભોંય ભેગું કરી દઇ દીદીને ગાદીએ બેસાડ્યાં હતા. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમની પાર્ટી પશ્ચિમ બંગમાં પગપેસારો કરવા દીદીની આંગળી ઝાલવા ઉત્સુક હતી, પરંતુ એમને કોઠું ન આપ્યું; એટલું જ નહીં મમતાએ એમની બિનસાંપ્રદાયિક છબી જાળવી રાખીને મોદીના ધસમસતા મોજાને બંગાળમાં ઘૂસતું જ અટકાવી દીધું હતું. ટાટા જેવા મોટા ગજાના ધનકુબેરને જાકારો આપનાર મમતા બેનરજી આમેય ઘણાની આંખમાં કણાની જેમ ખૂંચતાં રહ્યાં છે. એમાં જયારે નહેરુ સવા શતાબ્દી નિમિત્તે એમણે સોનિયા ગાંધીના નિમંત્રણથી બિનસાંપ્રદાયિક પરિબળોના સંમેલનમાં હાજરી આપી ત્યારે સ્વાભાવિક રીતે જ કેન્દ્ર સરકારના પેટમાં તેલ રેડાયું હતું. શારદા ચીટ ફંડ ગોટાળામાં લાખો મધ્યમ અને ગરીબ વર્ગના લોકોનાં નાણાં ચાઉં થઇ ગયાં છે અને આ કૌભાંડમાં પશ્ચિમ બંગના શાસક પક્ષની સંડોવણીના એક પછી એક પુરાવા સાંપડી રહ્યાં છે. સાંસદો પછી છેલ્લે મમતાના મંત્રીમંડળના સાથી મદન મિત્રાને ચાર દિવસના રિમાન્ડ પણ આપ્યા છે. આવી નામોશીભરી સ્થિતિમાં પણ મમતાનું મનોબળ અકબંધ રહ્યું છે. તેઓ એમના સાંસદો અને મંત્રીની તરફેણમાં રેલીઓ યોજે છે અને કેન્દ્ર સરકારને તેમજ સીબીઆઇને કડક ચેતવણી આપે છે. વડાપ્રધાન મોદી વિશે બેફામ ઉચ્ચારણો કરે છે. મોદીનો સ્વભાવ જાણનારા જાણે છે કે એક વાર નક્કી કરી લીધા પછી એ પારોઠમાં પગલાં ભરવા ભાગ્યે જ તૈયાર થાય છે. મમતાના ગળે શારદા ગોટાળાનો ગાળિયો કસીને એ અદાલત મારફત એમના પર પસ્તાળ પડાવશે અને એમનું રાજીનામું મેળવીને જંપશે. બીજી તરફ મમતા પણ વીંછણ અને વાઘણ જેવાં છે. એ એમની મમત છોડી વ્યાવહારિક કે સમાધાનકારી વલણ સ્વીકારશે નહીં, તે એટલું જ ચોક્કસ છે. આગામી વર્ષો દરમિયાન પશ્ચિમ બંગમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ભાજપ જ નહીં, મમતાએ જેમને સત્તામાંથી ઉખાડી ફેંકેલા છે તે ડાબેરીઓ પણ મમતાની આ માઠી દશા જોઇ રાજીના રેડ થઇ રહ્યા છે. બંગાળની વાઘણને પાંજરે પૂરવાની કેન્દ્ર સરકારની દાનત છતી થઇ ગઇ છે. પરંતુ શારદા ગોટાળા સાથે પોતાને કશી લેવાદેવા નથી, એવું સાબિત કરવાને બદલે મમતા બેફામ નિવેદનબાજી કરી રહ્યાં છે. શું એમની હાલત પણ જયલલિતા જેવી થશે? સી.બી.આઇ. તો સરકારનો પાળેલો પોપટ છે. મમતાની આ માઠી દશામાં એમને હાલ તો કોઇનો સધિયારો નજરે નથી પડતો.

# અખંડ ભારતના ભાગ્ય શિલ્પી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ


**પ્રસંગસર**
*મૂળજીભાઈ પરમાર 'દધિ'*

આજે ૧૫મી ડિસેમ્બરનું ગમગીન સવાર એટલે ભારતના ભાગ્યનો કમનસીબ દિન! અસહયોગ આંદોલનના પ્રણેતા, અખંડ ભારતના ભાગ્ય વિધાતા-શિલ્પી, લાડીલા લોખંડી પુરુષ એવા સરદાર વલ્લભભાઈ પટેલનો નિર્વાણદિન-પુણ્યતિથિ!

સને ૧૮૭૫ની એકત્રીસમી ઓકટોબરે માતા લાડબાઈને ખોળે, મોસાળમાં નડિયાદ ખાતે પિતાશ્રી ઝવેરભાઈનું ઝળહળતું ખમીર લઈને એક પુત્ર-ખમતીધર ખમીરવંતા વલ્લભભાઈનું અવતરણ થયું.

કરમસદથી ૭ માઈલ દૂર આવેલા પેટલાદમાં, ચારથી પાંચ વિદ્યાર્થીઓના ગ્રૂપમાં રહીને, અંગ્રેજી ધોરણ-૪ અને ૫નો અભ્યાસ કર્યો. સને ૧૮૯૩માં ૧૮ વર્ષની ઉંમરે, ગાના ગામે ઝવેરબા સાથે લગ્ન થયાં. અને ૨૨ વર્ષની ઉંમરે ૧૮૯૭માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. સને ૧૯૦૩માં પુત્રી મણીબેનનો જન્મ થયો અને સને ૧૯૦૫ના નવેમ્બરની ૨૮મીએ પુત્ર ડાહ્યાભાઈનો જન્મ થયો સને ૧૯૦૯ની ૧૧મી જાન્યુઆરીએ પત્નિ ઝવેરબાનું અકાળે અવસાન થયું ત્યારે વલ્લભભાઈ કોર્ટમાં એક કેસની દલીલો કરી રહ્યા હતા. અવસાનનો ટેલીગ્રામ મળ્યો તેને વાંચીને શાંતિથી ખિસ્સામાં મૂકયો અને શાંતિપૂર્વક ધીરજથી દલીલો ચાલુ રાખી. આવું હતું તેમનું અડગ મનોબળ અને કર્મ-કાર્ય પ્રત્યેની પૂર્ણ સમર્પિતતા! ૩૩ વર્ષની ભરયુવાની અને નાણાકીય રીતે ખમતીધર હોવા છતાં અને તેમના પુનર્લગ્ન બાબતે લોકોનું દબાણ છતાં તે મકકમ રહ્યા અને પુનર્લગ્ન ન કર્યા અને આમ એક પત્નિત્વની ભાવના, બ્રહ્મચર્ય અને નિસ્વાર્થ સેવાભાવી ભારતીયની ઉજળી છાપને અંકિત કરી.

વલ્લભભાઈએ સને ૧૯૧૧માં પગની બિમારીનું ઓપરેશન, એનેસ્થેશિયા લીધા વગર કરાવી તેમની બહાદુરી અને સહનશકિતથી વિદેશીઓને ચકિત કરી દીધા. સને ૧૯૧૨માં લંડન ખાતે બાર એટલોની પરીક્ષા પાસ કરી, ૧૩મી ફેબ્રુઆરી ૧૯૧૩માં મુંબઈ આવ્યા જયાં સરકારી લૉ કોલેજ, મુંબઈમાં મળતી પ્રોફેસરની સેવાને ઠુકરાવી અમદાવાદ ખાતે સ્થાયી થવાનું નક્કી કર્યું. તેઓ ગાંધીબાપુના રંગે રંગાઈ તેમના 'પટ્ટશિષ્ય' બન્યા.



સને ૧૯૧૪માં પિતાશ્રી ઝવેરભાઈનું અવસાન ૮૫ વર્ષની વયે કરમસદ ખાતે થતાં આ કારમો ઘા પણ જીરવી ગયા. ૧૯૨૪માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ તરીકે ચૂંટાયા અને દલિતોધ્ધાર નજર સમક્ષ રાખી એક હરિજનને મ્યુનિસિપાલીટીના સભ્ય તરીકે નિમ્યા.

સને ૧૯૨૫માં પુત્ર ડાહ્યાભાઈનાં લગ્ન યશોદા સાથે કર્યા અને પૈઠણ તથા લગ્ન ઉજવણી અને જમણવારનો ઈન્કાર કરી સમાજ સુધારણાની કેડી કંડારી.

સને ૧૯૨૮ની ૨૮મી એપ્રિલે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું ને તેજ રાત્રીએ બારડોલી પહોંચ્યા. ગાંધીબાપુના પટ્ટશિષ્ય એવા વલ્લભભાઈએ ગાંધીબાપુ તથા મહાદેવભાઈ દેસાઈની સાથે મળી-પગે ચાલીને ખેડા સત્યાગ્રહ આદર્યો અને કોંગ્રેસના છત્રીસમા અધિવેશનના તેઓ સૂત્રધાર બન્યા. 'હૈડિયા વેરા' નાબૂદી માટે બોરસદમાં સત્યાગ્રહ આદર્યો જયાં વલ્લભભાઈની અજબ સંગઠન શકિત અને કુનેહ જોઈને ગાંધીબાપુએ તેમને 'સૂબા'નું બિરૂદ આપ્યું. વલ્લભભાઈએ 'રોલેટ એકટ'ના વિરોધ માટે પોતાની ધમધમતી વકીલાતને રામરામ કર્યા અને પોતાના પુત્રના વિદેશ અભ્યાસને પણ તિલાંજલિ આપી એક નિસ્વાર્થી સાચા દેશભકત તરીકેની કાયમી છાપ અંકિત કરી.

બારડોલી સત્યાગ્રહ વખતે વલ્લભભાઈની કુનેહભરી કામગીરી, સંગઠનશકિત, તેમની દૂરંદેશી, કોઠાસૂઝ અને મકકમ મનોબળ ધ્યાને લઈ મહાત્મા ગાંધીબાપુએ વલ્લભભાઈને 'સરદાર'નું બિરૂદ-ઈલકાબ આપ્યો. સરદારે દાંડીકૂચ પૂર્વે 'કંકાપુર' ખાતે ધગધગતું એક ઘા ને બે કટકા કરે તેવું, અંગ્રેજો વિરૂધ્ધનું તેજાબી ભાષણ આપતાં તેમની ધરપકડ થઈ અને ત્રણ માસની કેદ અને રૂ. ૫૦૦(પાંચસો)નો દંડ થયો. ૧૯૩૦ જાન્યુઆરીની 'દાંડી કૂચ' વખતે માર્ચની સાતમીએ સરદારશ્રીની ધરપકડડ થઈ. કરાંચી સેશન વખત કોંગ્રેસના પ્રમુખ ચુંટાયા. પુનઃ ધરપકડ થઈ. આમ લોકસેવામાં અવારનવાર ધરપકડ થતાં જેલવાસ ભોગવ્યો. નવેમ્બર ૧૯૩૨માં માતા લાડબાઈનું અવસાન થયું. પરંતુ તેમણે પેરોલ પર છુટવાની ના પાડી. યરવડા જેલમાંથી એનએસપીકે જેલમાં બદલ્યા. ૧૯૩૩ની બાવીસમી ઓકટોબરે મોટાભાઈ વિઠ્ઠલભાઈનું સ્વીટઝર્લેન્ડ ખાતે અવસાન થયું, પરંતુ સરદારશ્રીએ શરતી પેરોલ પર છૂટવાનું સ્વીકાર્યું નહીં.

સને ૧૯૩૬ના ફેબ્રુઆરી માસમાં ગાંધીબાપુની રાહબરી હેઠળ, ફકત બે દિવસમાં જ રૂ. ઓગણપચાસ હજારનું 'હરિજન ફંડ' એકત્રિત કર્યું. તેમનાં કરેલાં કાર્યોની યાદી કરવા બેસીએ તો એક મોટું દળદાર પુસ્તક થાય!

સને ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે ભારત દેશ આઝાદ થતાં, સરદારશ્રી સ્વતંત્ર ભારતના નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન બન્યા. ઉપરાંત એક દૂરંદેશી ગૃહપ્રધાન તરીકે ભારતનાં વેર વિખેર રજવાડાંઓને એક કરી ભારતની અખંડિતતાના તેઓ શિલ્પી-ભાગ્યવિધાતા બન્યા! તેઓએ ઈન્ફોર્મેશન અને બ્રોડકાસ્ટીંગ ખાતુ પણ સંભાળ્યું. સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારક તરીકે પહેલ કરી. સને ૧૯૪૮ની ત્રીસમી જાન્યુઆરીએ ગાંધીબાપુની હત્યા થઈ તેના એક કલાક પહેલાં જ સરદારશ્રી બાપુને મળ્યા હતા.

નાગપુર યુનિવર્સિટી, અલ્હાબાદ યુનિવર્સિટી, બનારસ હિન્દુ યુનિવર્સિટી, ઓસ્માનિયા યુનિવર્સિટી-હૈદરાબાદ વિગેરે દ્વારા સરદારશ્રીને 'ડૉકટર ઓફ લૉઝ' તરીકેની ઉચ્ચ માનદ્ પદવીથી નવાજવામાં આવ્યા.

સને ૧૯૫૦ની પંદરમી ડિસેમ્બરે સવારના ૯.૩૭ વાગે આ મહાન વિભૂતિએ મુંબઈ ખાતે છેલ્લા શ્વાસ લઈ પરલોકગમન કર્યું. દેશને ન પૂરાય તેવી ખોટ પડી!

જેના આચા-વિચાર, વાણી અને વર્તન, કથની અને કરણીમાં સમરૂપતા હોય-જેમાં કોઈ પણ સંજોગોમાં ભિન્નતા જોવા ન મળે અને ફકત એકરૂપતા જ હોય, જે સત્યાગ્રહી અને એક ઘા ને બે કટકા કરે તેવા આખ્ખા બોલા, એક અજોડ સંકલ્પ શકિત, અડગ અને અટલ દઢતા અને મનોબળ ધરાવનાર હોય તેવા, ખમતીધર-ખમીરવંતા ભારતના મહાન સપૂત સરદારશ્રીની અમૂલ્ય વાણીની રત્નમાળામાંથી, થોડાક વિચારમણકાની તેજસ્વીતાનો લાભ લઈ, જીવનનો અંધકાર દૂર કરવા અને જીવનપથને પ્રકાશિત કરવા જો પ્રયત્ન કરીએ તો તે એક તેજોમય મશાલની ગરજ સારશે એમાં લેશમાત્ર શંકા નથી. આવો માણીએ અને જીવનમાં અપનાવીએ તેમનાં અમૂલ્ય વિધાનો....

● આપણા દેશની પવિત્ર ભૂમિ, દુનિયાના બધા દેશોમાં એના યોગ્ય ઉન્નત સ્થાને આરોહણ કરે એ માટે પરસ્પરને ઉપયોગી એવા સંબંધોનો વારસો મૂકતા જવું એ આપણો ગૌરવવંતો અધિકાર બની રહેવો જોઈએ.

● ભોગ આપ્યા પછી અંતરમાં તેની ઝંખના કર્યા કરશો તો તમારો આપભોગ નકામો બની જશે અને તેની બધી જ શકિત નાશ પામશે.

● શકિત વિનાની શ્રધ્ધા નકામી. કોઈ પણ મહાન કાર્ય પાર પાડવામાં શ્રધ્ધા અને શકિત એમ બંનેનીઆવશ્યકતા છે.

● હિન્દુસ્તાનને કોઈ ખૂણે ખાંચરે ગુલામી પડી હશે તો તેની દુર્ગંધ બધે આવવાની.

● ગુનો કબૂલ કરીને ફાંસીને માંચડે લટકવામાં બહાદુરી છે.બાંકી સંતાડવામાં તો કાયરતા છે.

● તમે દરેક ઠેકાણે ડોક નીચી ન કરો. જગતમાં તમારું માથું સર્જનહારને નમે, બીજા કોઈને ન નમે, મરદનું માથું પરમેશ્વરને જ નમે.

● વિશ્વાસ રાખીને આળસ છોડી દો. વહેમો ફગાવી દો, ડર છોડો, કુસંપનો ત્યાગ કરો. કાયરતા ખંખેરી નાંખો. હિંમત રાખો અને બહાદુર બનો.

● કાયરતાનો હું કટ્ટર શત્રુ છું. કાયરોનો હું સાથ કરવા કદી તૈયાર ન થાઉં!

● અસ્પૃશ્યતા હિન્દુ ધર્મનું કલંક છે. એ ધર્મને બહાને ચાલતો ઢોંગ છે, એને આપણે નાબૂદ કર્યે જ છૂટકો છે.

● જેમ ઈમારતનો આધાર તેના પાયા પર છે તેમ લડાઈનો આધાર સૈનિકના ચારિત્ર ઉપર છે.

● અધિકાર (સત્તા) માણસને આંધળો બનાવે છે.

## હરિની દૃષ્ટિ...




**માજી એકતાની ભાવના માટેની કથા છે તમારી પુત્રવધૂ ભાવના અને એકતાની કોઇ જાણકારી અહીં નહીં મળે...!!**

# ઉર્જા સંરક્ષણ દિવસે વાવોલમાં ૨૦૦ બાળકોએ રેલી કાઢી

### રેલીમાં પ્લેકાર્ડ, કેપ, બેનર્સ અને ચાર્ટ દ્વારા ઉર્જા સંરક્ષણનો સંદેશો આપ્યો
### આ દિવસે ઉર્જા સંરક્ષણ જાગૃતિ અંગે પ્રદર્શન પણ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

સમગ્ર દેશમાં ૧૪મી ડિસેમ્બરને ઉર્જા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વાવોલ ખાતે ઉર્જા સંરક્ષણ દિન નિમિત્તે ઉર્જા બચાવો રેલીનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત આ દિવસે વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં ઉર્જા સંરક્ષણ અંગે એક વિશેષ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું.

વર્તમાન સંજોગોમાં ઉર્જાના સ્રોતો જ્યારે દિવસેને દિવસે ખુટી રહ્યા છે. ત્યારે લોકોમાં ઉર્જા બચાવવા અંગે જાગૃતિ આવે તે હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ઉર્જાનો બેફામ વપરાશ પણ પૃથ્વીના બદલાતા જતા હવામાન અને વધતા જતા તાપમાન માટે જવાબદાર છે. ગાંધીનગરના સે. ૨૩માં આવેલ નિસર્ગ કોમ્યુનીટિ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઉર્જા સંરક્ષણ દિવસે જનજાગૃતિના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત તા. ૧૪મી ડિસેમ્બરે વાવોલ ખાતે યોજાયેલી રેલીમાં સ્કૂલના હાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રેલી દરમ્યાન બાળકોએ પ્લેકાર્ડ દ્વારા ઉર્જા અંગેના સંદેશો પ્રદર્શન કરી અને સૂત્રો પોકારી લોકોને જાગૃત કરવા પ્રયાસ કર્યો હતો.

આ દિવસે વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં યોજાયેલા ઉર્જા સંરક્ષણ પ્રદર્શનમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, વાવોલ કેળવણી મંડળના મંત્રી તેમજ નિવૃત્ત ડીઈઓ રઘુભાઈ ગોલ, શાળાના આચાર્ય બળદેવભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. અનિલભાઈ પટેલે ઉર્જા પ્રત્યે સંવેદનશીલ બનવા હાંકલ કરી હતી. આ દિવસે યોજાયેલી રેલીમાં ૨૦૦ બાળકોએ વિવિધ બેનર, કેપ અને ચાર્ટ સાથે ઉર્જા બચાવવા બેન્ડવાજા સાથે સૂત્રો પોકાર્યા હતા. રેલીને સફળ બનાવવામાં શાળાના વિજ્ઞાન શિક્ષક નારાયણભાઈ ચૌધરી, નિસર્ગ સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા તેમજ શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# પી.કે. વાલેરાની આત્મકથા થોરનું ફૂલના ભાગ-૪ નું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત દલિત સાહિત્ય અકાદમી અમદાવાદના ઉપક્રમે નિવૃત્ત આઈએએસ અધિકારી પી.કે. વાલેરાની આત્મકથા 'થોરનું ફૂલ' ભાગ-૪ નું વિમોચન કરાયું હતું. આ વિમોચન પ્રસંગે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સાંસદ મધુસુદન મિસ્ત્રી અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ આત્મકથાના વિમોચન પ્રસંગે સાંસદ મધુસુદન મિસ્ત્રીએ જણાવ્યું હતું કે પી.કે. વાલેરાએ તેમની આત્મકથામાં વહિવટી સેવામાં કરેલી કામગીરીને બખૂબી રજૂ કરીને જે તે સમયનો રાજકિય, સામાજિક અને વહીવટી દસ્તાવેજ આ પુસ્તક દ્વારા રજુ કર્યો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડીયાએ પી.કે. વાલેરા કોંગ્રેસના સાથીદાર હોવા પર ગૌરવ લેતા જણાવ્યું હતું કે દલિત સાહિત્ય અને અન્ય ક્ષેત્રે કામ કરતા પ્રતિનિધિઓ માટે કોંગ્રેસ હંમેશા મદદરૂપ થવા પ્રયત્ન કરશે. તેમણે આ પુસ્તક ખરીદીને વાંચવા માટે અપીલ કરી હતી. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર ડૉ. કિશોરસિંહ સોલંકીએ પી.કે. વાલેરા સાહિત્ય જગતમાં આગવુ સ્થાન પ્રાપ્ત કરશે તેવી આગાહી કરી હતી. આ કાર્યક્રમમાં દલિત સાહિત્ય અકાદમીના પ્રમુખ હરીશ મંગલમ્ મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પ્રો. રતિલાલ રોહિત, એઆઈસીસીના મંત્રી દિપક બાબરીઆ, ધારાસભ્ય શૈલેષ પરમાર, મણીભાઈ વાઘેલા, કોલમીસ્ટ ધવલ મહેતા સહિત અગ્રણીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# લગ્ન વિષયક સમસ્યાઓની કાનૂની લડતની સાથે સાથે બંને પક્ષકારોએ સાથે બેસીને વ્યાજબી અને યોગ્ય રસ્તા સંદર્ભે પ્રયત્ન કરવો જોઇએ

**મહિલા સમાજ અને કાયદો**
*ડો. ભાવનાબહેન કે. જોશીપુરા*

ગત અંકમાં આપણે લગ્ન નોંધણી માટે રજૂ થતી લગ્ન-નોંધણી યાદીમાંના બંને પક્ષકારો અથવા એક વિદેશમાં વસવાટ કરતા હોય તેવી આઠ કોલમ જોઈ હતી તે વિશે વધુ માહિતી માટે આજે આપણે લગ્ન નોંધણી યાદી સાથે રજૂ કરવાની વધારાની માહિતી જોઈએ તો,

૯. લાયકાત : ૧. વર : .... , ૨. કન્યા : ......
હોદો : ૧. વર : ......, ૨. કન્યા :
ઈ-મેઈલ એડ્રેસ : ૧. વર : ......, ૨. કન્યા : .........
મોબાઈલ નંબર (વિદેશનો) : ૧. વર : ........, ૨. કન્યા : ........
નોકરી રાખનારનું સંસ્થાનું નામ : ૧. વર : ........., ૨. કન્યા : ..........
નોકરી રાખનારનું સંસ્થાનું નામ : ૧. વર : .........., ૨. કન્યા : .........
નોકરી રાખનારના સંસ્થાનો ફોન નંબર : ૧. વર : .........., ૨. કન્યા : .........

૧૦. વર/કન્યાના પરદેશમાં વસતા નજીકના બે સંધંધીના નામ અને પુરા સરનામાઃ
વર :(૧) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)
(૨) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)
કન્યાઃ (૧) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)
(૨) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)

૧૧. રાજયમાં વસતા બે પૂતિષ્ઠિત વ્યકિતઓના નામ અને પુરા સરનામા :
વર : (૧) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)
(૨) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)
કન્યા : (૧) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)
(૨) નામ : પુરુ સરનામું (સ્થળ શોધી શકાય તે માટે પૂરતી વિગતો આપવી)

૧૨. લગ્ન નોંધણી કરાવનાર એન.આર.આઈ. વર/કન્યાની સહી :
વરની સહી :
કન્યાની સહી :

રજૂ થયેલ ઉકત વિગતોના સમર્થનમાં જરૂરી આધારની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે. પરિશિષ્ટ - ૧ ફકત (એન.આર.આઈ.) પક્ષકારોએ ભરવાનું છે.

આપણે પરદેશમાં થતા લગ્ન અને તે સંદર્ભે ઉપસ્થિત થતા લગ્નવિષયક પ્રશ્નો અંગે ચર્ચા કરી રહયા હતા. ખાસ કરીને કાનૂની લડતમાં પતિ અથવા પત્નિ જયારે પરદેશ સ્થિત હોય ત્યારે કઈ રીતે કાર્યવાહી કોર્ટમાં ચાલે છે અને કોર્ટ કાર્યવાહી દરમિયાન પક્ષકારે કયા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે બાબતો સમજવાની કોશીષ કરી રહયા છીએ.

ગત્ બે કોલમો વાંચીને ગુજરાતના કોઈ અંતરીયાળ એક શહેરની એક ભાઈનો ફોન આવ્યો. ફોનમાં દિકરીનાં પિતા ખૂબ જ વ્યથિત જણાતા હતા. હસમુખભાઈની દિકરીનાં લગ્ન સિંગાપોર થયેલા અને હાલમાં દિકરી ભારત પાછી આવતી રહી છે. દિકરીનો પતિ પહેલા સિંગાપોર નોકરી કરતો હતો અને હવે ઈન્ડોનેશીયામાં નોકરી છે. જમાઈની નોકરી અલગ - અલગ દેશોમાં બદલાતી રહે.

હસમુખભાઈને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. બંને દિકરીઓ પૈકી નીલા મોટી દિકરી છે. તેણીનાં લગ્ન સિંગાપોર થયેલા અને દિકરા જીતનાં પણ લગ્ન થઈ ગયા છે. જીતને ત્યાં પણ બે બાળકો છે. નાની દિકરી ઈલા ડબલ ગ્રેજયુએટ થઈ ગઈ છે અને તેણી માટે સારા પાત્રની શોધ ચાલી રહી છે. ઘરમાં છેલ્લા વીસ દિવસથી બધા જ મૂંઝવણમાં મુકાઈ ગયા છે. આખો પરિવાર મૂંઝવણમાં મુકાવાનું કારણ નીલાનું અચાનક સિંગાપોરથી પરત આવવાનુ થયું છે તે સંદર્ભે છે.

હસમુખભાઈએ નીલાનાં કેસની લેખિતમાં મને જાણ કરે તો વિશેષ કાયદાકીય માર્ગદર્શન આપી શકાય. અનેક વાંચકોના ફોન પર સંદેશા આવે છે. નીલાનાં કેસની ટૂંકમાં વિગત ફોનમાં જાણી તે મુજબ નીલા લગ્ન કરીને પતિ સુરેશ સાથે સિંગાપોરમાં રહેતી હતી. પહેલા તો નીલા નોકરી કરતી ન હતી પરંતુ નીલા ભણેલી હતી તેમજ સુરેશની જ ઓફિસ તરફથી 'જોબ' ની વાત આવતા નીલા સુરેશની ઓફીસની નજીકમાં જ રોજ જોબ પર જવા લાગી.

નીલા અને સુરેશ વચ્ચે ધીમે-ધીમે પ્રશ્નો ઉભા થવા લાગ્યા. પતિ-પત્નિ વચ્ચેની લગ્ન વિષયક તકરાર ઉભા થવાનાં કારણોની આપણે અગાઉ ચર્ચા કરી છે. ખાસ કરીને અતિશય વ્યસ્ત જીવન હોવાને કારણે પતિ-પત્નિ એકબીજા સાથે વાતચીત પણ શાંતિથી કરી શકતા નથી. બંનેના મનમાં અરસપરસ કોઈપણ પ્રશ્ન ઉભો થયો હોય તો એકબીજા સાથે તેણીને ઉભા થયેલ પ્રશ્ન અંગે ખુલ્લા દિલે ચર્ચા પણ કરી શકતા નથી. આમ કરીને જયારે એકબીજા પર કોઈપણ બાબતે 'શંકા'નો ભાવ ઉભો થાય ત્યારે વાત ખૂબ જ વણસી જાય છે. તંદુરસ્ત લગ્નજીવન માટે પતિ-પત્નિ વચ્ચે સંવાદ આવશ્યક છે. પતિ-પત્નિ ખુલ્લા દિલે એકબીજા સાથે વાત કરે તો જ બંનેના મનને હળવાશ અનુભવાય છે.

ખેર! ફરીથી નીલાની વાત પર આવીએ તો પતિએ ઘરમાં રહેવાની સ્પષ્ટ ના પાડી અને નીલાને મુંબઈ પરત મોકલી આપી. નીલા તેના પતિ સામે જો કેસ કરવા માંગતી હોય તો કયા કયા પ્રકારનાં કેસો કરી શકે ?

નીલાને જયારે માર્ગદર્શન મળ્યું કે પોતાના પતિ પાસેથી ભરણપોષણ મેળવવાની અરજી દાખલ કરી. નીલા જે શહેર કે ગામમાં રહેતી હોય ત્યાંથી જ દાખલ કરી શકે છે.

નીલા તરફે જવાબ હતો કે ભરણપોષણની અરજી તો દાખલ થાય. નામદાર અદાલત નીલાની તરફેણમાં અને તેના પતિ વિરૂધ્ધ ભરણપોષણ ચૂકવવાનો હુકમ પણ કરે, પરંતુ નીલાનો પતિ ભરણપોષણ ચૂકવવા સંદર્ભે બેદરકાર રહેતો.

લગ્ન વિષયક સમસ્યામાં કાનુની લડતની સાથે સાથે બંને પક્ષકારોએ સાથે બેસીને વ્યાજબી અને યોગ્ય રસ્તા સંદર્ભે પ્રયત્ન કરવો જોઈએ. નીલાના અને નીલા જેવી બહેનોના કાનુની લડત સંદર્ભે અનેક પ્રશ્નો અમોને મળેલ છે. આ પ્રશ્ન તથા જવાબ સાથે મળીએ આવતા અંકે...